## વાસણામાં બસ સ્ટેન્ટ નજીક અકસ્માત એકનું કરુણ મોત

શહેરના વાસણા બસ સ્ટેન્ડ પાસે આજે વહેલી સવારે એક ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટાભાઈનું ઘટના સ્થળે જ મોત થયુ હતુ. જ્યારે નાનાભાઈને શરિરના વિવિધ ભાગે ઈજા થતા તેમને સારવાર માટે વીએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ અકસ્માત સર્જાયા બાદ ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો છે. આજે સવારે સાત વાગ્યે વિજય ઓડ અને તેનો નાનો ભાઈ હરીષ ઓડ બાઈક લઈ પોતાના કામે જઈ રહ્યા હતા. જ્યારે તેઓ વાસણા બસ સ્ટેન્ડ પાસે પહોંચ્યા ત્યારે એક ટ્રક ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી બન્ને નીચે પટકાયા હતા. ધડાકો થયો હોય તેવો અવાજ આવતા લોકો પણ રસ્તા પર દોડી આવ્યા હતા અને બન્નેને એમ્બ્યલન્સ મારફતે હોસ્પિટલમાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, એમ્બ્યુલન્સ આવે તે પહેલા જ વિજયનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ.

# શિક્ષણ વિભાગ દ્વારા કારકિર્દી માટેના વિકલ્પોની સર્વગ્રાહી માહિતીના બે પ્રકાશનોનું વિમોચન

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે શિક્ષણ વિભાગ દ્વારા પ્રકાશિત, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ પછી વિદ્યાર્થીઓને કારકિર્દીના વિવિધ વિકલ્પોની સંપૂર્ણ રૂપરેખા આપતી કારકિર્દીની ઉજ્જવળ તકો વિષયક બે પુસ્તિકાઓનું વિમોચન કર્યું હતું.

આ પુસ્તિકાઓ ધોરણ-૧૨ના પરિક્ષાના પરિણામો સાથે જ તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવશે એમ શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું. આ બંને પુસ્તિકાઓમાં શિક્ષણ, આરોગ્ય, શ્રમ અને રોજગાર, સમાજકલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, કૃષિ અને પશુપાલન સહિતના તમામ વિભાગો સંલગ્ન વ્યવસાયિક અને કારકિર્દી વિષયક વિકલ્પોની અને તકોની માહિતી આપવામાં આવેલી છે.

ધોરણ-૧૨ પછી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટેની પસંદગીનું વિશાળ ફલક વિદ્યાર્થીઓ સમક્ષ રાજ્ય સરકારે ઉપલબ્ધ કર્યું છે. મનગમતી કારકિર્દી સાથે ઉત્તમ ભવિષ્ય નિર્માણ માટેની યોગ્ય ઘડીએ આ બંને પુસ્તિકાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓને-સૌને ઉપયોગી પૂરવાર થશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

આજે બંને પુસ્તિકાના વિમોચન પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી જયસિંહજી ચૌહાણ અને શ્રીમતી વસુબેન ત્રિવેદી, શિક્ષણના અગ્રસચિવશ્રી ડો. હસમુખ અઢિયા, પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી આર. પી. ગુપ્તા અને સર્વશિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી મનોજ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ પુસ્તિકામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કારકિર્દીના વિકલ્પો નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે. જેવા કે એન્જિનિયરીંગ (ડીગ્રી/ડીપ્લોમા), ફાર્મસી (ડીગ્રી/ડીપ્લોમા), મેડિકલ, પેરા મેડિકલ, આર્કિટ્રેકચર, ડીઝાઈનીંગ, ફેશન ટેકનોલોજી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કૃષિ, પશુચિકિત્સા, પેટ્રોલીયમ, ડેરી ટેકનોલોજી મેનેજમેન્ટ, હેલ્થકેર, કલીનિકલ રીસર્ચ, ન્યુટ્રીશન જેવા વિવિધ અભ્યાસક્રમો, તેને લગતી સંસ્થાઓ, પ્રવેશ પધ્ધતિ, બેઠકો, ફી નું માળખું જેવી ખૂબ જ ઉપયોગી વિગતો આપવામાં આવી છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓને આર્થિક રીતે ઉપયોગી થાય તેવી શિષ્યવૃત્તિ, આર્થિક સહાયક યોજનાઓ એજ્યુકેશન લોન તથા અગત્યની વેબસાઈટની વિગતોનો સમાવેશ આ પુસ્તિકામાં કરેલ છે.

બીજી પુસ્તિકામાં ધો-૧૨ સામાન્ય પ્રવાહ પછી વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી શકે તેવા કારકિર્દીના વિકલ્પોની વિગતો આપવામાં આવી છે. મોટા ભાગે ધો-૧૨ સામાન્ય પ્રવાહ પછી ફકત બી.એ./બી.કોમ.માં જ પ્રવેશ મેળવી શકાય તેવું વિદ્યાર્થીઓ માનતાં હોય છે. પરંતુ આ ઉપરાંત જનરલ નર્સિંગ, શિક્ષણ, ફેશન ટેકનોલોજી, ડીઝાઈનીંગ, ફૂટવેર, ફિલ્મ અને ટેલિવિઝન, સંગીત-નૃત્ય-નાટક, મેનેજમેન્ટ, સી.એસ., સી.એ, જેવા ક્ષેત્રોમાં પણ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી શકે છે. આ અભ્યાસક્રમો તેને લગતી સંસ્થાઓની વિગતો આ પુસ્તિકામાં આપવામાં આવી છે જે વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી નિવડશે.

વિદેશમાં પોતાની કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પણ આ પુસ્તિકામાં ઉપયોગી દિશા સૂચન કરવામાં આવ્યું છે.



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે માર્ગ-મકાન વિભાગના કાયદા અધિકારી શ્રી જી. કે. રાઠોડ સંપાદિત પુસ્તક સિવીલ સોસાયટી-વ્યૂઝ એન્ડ રિવ્યૂઝ પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં શ્રી જી. કે. રાઠોડે વિવિધ લેખકોના વિષયવસ્તુ આધારિત ૧૪ જેટલા લેખોનું સંકલન કરેલું છે. આ પુસ્તક વિમોચન પ્રસંગે ગૃહના અધિક મુખ્ય સચિવશ્રી ડો. વરેશસિન્હા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી ગિરીશચન્દ્ર મુર્મુ તથા માહિતી કમિઁરશ્રી વી. થીરૂપુગળ અને લેખકશ્રી રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજે તેજસ્વી બાળકોના સન્માનાર્થે ગુણપત્રકો મંગાવ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યોના તેજસ્વી સંતાનોનું જાહેરમાં સન્માન કરવામાં આવશે. સન્માન કરવાના આશયથી પેન્શનર્સ સમાજના સભ્યોના તેજસ્વી સંતાનો પાસેથી ગુણપત્રકો-માર્કશીટ-મંગાવવામાં આવી છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દર વર્ષની જેમ વર્ષ ૨૦૧૧-૧૨માં ધોરણ-૧ થી ૯માં ૭૫ ટકાથી વધારે ગુણ મેળવીને ઉત્તીર્ણ થયેલા સંસ્થાના સભ્યોના તેજસ્વી વિદ્યાર્થી સંતાનોનું જાહેરમાં સન્માન કરવાનો કાર્યક્રમ જુલાઈ ૨૦૧૨માં કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, આથી ગુણપત્રકો (માર્કશીટ) પેન્શનર સભ્યનું નામ, સરનામું, ટેલીફોન નંબર, સભ્ય ક્રમાંક, વિદ્યાર્થી-વિદ્યાર્થીની સાથેનો સંબંધ, મેળવેલ ટકા વિગેરે વિગતો સાથે સેકટર પ્રતિનિધિને તા. ૩૧ મે ૨૦૧૨ સુધીમાં અચુક મોકલી આપવા જણાવાયું છે. ત્યારબાદ સેકટરના પ્રતિનિધિએ ઉપરની વિગતો ચકાસી તા. ૧૫મી જૂન ૨૦૧૨ સુધીમાં વિદ્યાર્થી સન્માન સમિતિના અધ્યક્ષ સુમનભાઈ પટેલ, ફોન ૨૯૨૮૯૫૭૦ અથવા કન્વીનર સોમાભાઈ પરમાર ફોન ૨૩૨૪૮૪૮૫ તથા રમણલાલ શ્રીમાળી ફોન ૨૩૨૨૬૫૭૯ને સત્વરે પહોંચતાં કરવાના રહેશે. નિયત કરેલી મુદત સુધીમાં જે કોઈ પેન્શનર સભ્ય તેમના તેજસ્વી સંતાનોના ગુણપત્રકો ગમે તે કારણોસર સેકટરના પ્રતિનિધિને પહોંચતા કરી શકશે નહીં તો તે તારીખ પછી કોઈનું ગુણપત્રક સ્વીકારવાને પાત્ર ગણાશે નહીં. તેમજ સમારંભમાં ઈનામને પાત્ર એવા તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીએ હાજર રહેવું ફરજીયાત રહેશે અને તેઓને જ ઈનામ આપવામાં આવશે. ગેરહાજર રહેનાર બાળકો ઈનામને પાત્ર ગણાશે નહીં, તેઓ ફકત પ્રમાણપત્ર સેકટર પ્રતિનિધિ પાસેથી સમારંભ પૂર્ણ થયાના ૨૦ દિવસ સુધીમાં મેળવી શકશે. તેવું સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલિક જણાવે છે.

## સમાચાર ઝલક

- દેશભરના ઝવેરીઓ દાગીનાની ઘડામણ પર ૨૫ % ડિસ્કાઉન્ટનો ૧૦ દિવસ સુધી લાભ આપશે : એક્સાઇઝ દૂર કરવાના નિર્ણયના હરખમાં.
- ગુજરાતી ચલચિત્ર 'કેવી રીતે જઇશ' નો અભૂતપૂર્વ પ્રતિસાદ : એક લાખથી વધુ પ્રસંશકો.
- આજે શેરબજારમાં ગભરાટનો માહોલ યથાવત્, એશિયાઇ બજારોની નરમાઇ, યુરોનું સંકટ ઘેરૂ બનતાં.
- નર્મદાના કિનારે માલસર મુકામે વિનાયક સંસ્કૃત પાઠશાળામાં નિઃશુલ્ક કર્મકાંડ શિખવાડાશે.
- ગિરનાર રોપ-વેની કામગીરી વિલંબમાં.
- એર ઇન્ડિયાના પાઇલોટની હળતાળ બીજા દિવસે યથાવત : વિદેશી ફલાઇટો રદ્દ થતાં પ્રવાસીઓ પરેશાનીમાં.
- દેશના કોઇ પણ ભાગમાં મોબાઇલ ગ્રાહક નંબર યથાવત રાખી શકશે, રોમિંગ દૂર થશે : માસાન્તે જાહેરાત થશે.
- જીવન જરૂરિયાત વસ્તુઓના વધતા ભાવોમાં ચણાની દાળ પણ સામેલ.
- ૧લી જૂનથી રાજયભરમાં ઓનલાઇન મતદાર નોંધણીનો પ્રારંભ થશે.
- ઉંઝામાં સેલ ટેક્ષ વિભાગે લાખો બોરી માલ સીઝ કરતાં વેપારીઓમાં રોષ.
- ગુજરાતમાં કૃષિ વીજક્ષેત્રે ૩,૦૦૦ કરોડથી સબસીડી અપાય છે.
- ભાભરમાં ૨૫ તેલનાં ડબ્બાનો ચોરી.
- અંબાજીમાં બાળ ભિક્ષુઓનું પ્રમાણ વધતાં યાત્રાળુઓ મુશ્કેલીમાં.
- રાયપુરથી પૂરી એક્સપ્રેસમાં વડોદરા આવતા પરિવારની ટ્રોલી બેગમાં કાણું કરી ૩.૩૦ લાખના દાગીનાની તસકરી.
- દીવમાં ૬૬ કે.વી. વિસ્તારમાં આગ : તાડના વૃક્ષો ખાખ.
- લીલીયા પંથકના નદી વિસ્તારમાં સાવજોનો પડાવ.
- વડોદરામાં ચાલતી ટ્રેનમાંથી પડી ગયેલી ઇજનેરીના વિદ્યાર્થીનું મોત.
- સુરતના વરાછામાં કોમોડીટી ટ્રેડરની ઓફિસમાંથી પાંચ કિલો ચાંદી ચોરાઈ.
- દમણમાં સતત ૨૪ કલાક પોલીસનું દરિયાઈ પેટ્રોલિંગ.
- બોટાદ શહેરમાં દસ દિવસે પાણીનું વિતરણ કરાતા મહિલાોનો દેકારો.
- ઊંઝા તાલુકાના સુણોક ગામના તળાવમાંથી લાખો ટન ખનિજની ચોરી.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સભામાં નગરના યક્ષ પ્રશ્નો સંદર્ભે ગંભીર વિચારણા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળેલી પરિષદની સભામાં પ્રાર્થના બાદ, મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ગત બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન કરવામાં આવ્યું હતું. અને લેવાયેલા નિર્ણયોની પૂર્તતાની જાણકારી આપવામાં આવી હતી. ચર્ચાને ખુલ્લી મુકતાં સભામાં હાજર સભ્યો અને મહાનુભાવો દ્વારા કમ્મરતોડ કાળઝાળ મોંઘવારી, જાહેર વહીવટ અને વ્યવહારમાં સંવેદનશીલતા અને માનવતાવાદી અભિગમનું ધોવાણ, સરકાર દ્વારા બેફામ ઉડાઉ ખર્ચાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓની સમાજ પ્રત્યેની જવાબદારી વગેરે યક્ષ પ્રશ્નો સંબંધમાં આક્રોશપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી. અધ્યક્ષસ્થાનેથી મોંઘવારી અને સરકાર દ્વારા બેફામ ઉડાઉ ખર્ચાઓ વિષેના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જેના ઉપર ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે એવું ઠરાવવામાં આવ્યું કે, પાટનગરમાંની સક્રિય સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના પ્રમુખે અને મહામંત્રીઓની એક સભા તા. ૨૦-મે-૨૦૧૨ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યે, સેક્ટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે યોજવાની તજવીજ કરવામાં આવે, જેમાં હાજર તમામ સંસ્થાઓના પદાધિકારીઓના મૂલ્યવાન સૂચનોને આધારે નક્કી થયા પ્રમાણેની આગામી કાર્યક્રમો સહિતની જરૂરી વિશેષ કાર્યવાહીઓ નક્કી કરવામાં આવે.

પાટનગરમાં ટોરેન્ટ વીજ કંપનીના વહીવટ વિરૂદ્ધમાં ફરિયાદો વધવા પામી છે, તે સંબંધમાં ચર્ચાને અંતે એવું ઠરાવવામાં આવ્યું કે, વીજ ફરિયાદોને રૂબરૂમાં વાચા આપવા માટે આજે તા. ૧૦-મે૦૨૦૧૦ને ગુરૂવારના રોજ બપોર પછી ૪.૦૦ વાગ્યે પાટનગરમાં ટોરેન્ટ વીજ કંપનીની કચેરીમાં ટોચના અધિકારીને ડેપ્યુટેશન સ્વરૂપે મળવું. તે પ્રમાણે સભામાં હાજર સભ્યોને યોગ્ય રીતે જાણ કરવામાં આવે.

પાટનગરમાં લગભગ તમામ જાહેર પ્રશ્નોમાં નિંભર વહીવટના પ્રમાણો મળે છે તેમ જાહેર રસ્તાઓ ઉપર ગટરનાં જે ઢાંકણાઓ મુકવામાં આવ્યા છે, તે સિમેન્ટના હોવાને કારણે પસાર થતા વાહનોના વજનને લીધે કે અન્ય કારણે સહેલાઈથી તુટી જતા હોય છે અને તેથી ત્યાં માનવ, પશુપજીવન ખતરામાં મુકાય છે અને છતાં તે પ્રશ્ને સંબંધકર્તા સત્તાવાળાઓના પેટનું પાણી પણ હાલતું નથી. તેથી આ બાબત યોગ્યરીતે સક્ષમ સત્તાવાળાના ધ્યાન ઉપર લાવવાનું નક્કી કરવામાં આવ્યું. પાટનગરમાં ફૂટપાથના પ્રશ્ને સરકાર દ્વારા અપાયેલા આશ્વાસનો ખોટા સાબિત થયા છે. ફૂટપાથો બનાવવામાં અને તેની જાળવણીમાં ભ્રષ્ટાચાર અને ગુનાહિત બેદરકારીના પ્રમાણોના દૃષ્ટાંતો બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા, તેથી આ પ્રશ્ને પણ સંબંધકર્તા સત્તાવાળાનું યોગ્ય રીતે ધ્યાન દોરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સમાજમાં બેરોકટોક વધી રહેલા ગુનાખોરીના સંદર્ભમાં અધ્યક્ષસ્થાનેથી એવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવેલ કે, સંબંધિત વિસ્તારોમાં ગંભીર ગુનાખોરીનું પ્રમાણ ધ્યાનમાં આવતાં જેમ સરકારી અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેઓની વિરૂદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે છે તે જ રીતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના જે તે વિસ્તારમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ખાસ કરીને ધારાસભ્ય, પ્રમુખ, કાઉન્સિલર, સંસદ સભ્ય વગેરે પ્રકારના હોદ્દાઓ ધરાવતાં પ્રજાના પ્રતિનિધિઓ જાહેર સેવકો ગણાય છે અને તે અન્વયે તગડાં પગાર ભથ્થાંઓ વગેરે પણ મેળવે છે, પરંતુ તેઓના સંબંધિત વિસ્તારમાંની ગુનાખોરીઓ અને ગેરકાનુની પ્રવૃત્તિઓ સંબંધમાં તેઓની કોઈ એકાઉન્ટેબીલીટી નક્કી કરવામાં આવી નથી. સમયની માંગ પ્રમાણે, હવે તેવું નક્કી કરવાનું જરૂરી છે. તે સંબંધમાં ગુજરાત સમગ્ર દેશમાં પહેલ કરે અને ગુજરાતનું નામ સમગ્ર ભારતમાં રોશન કરે તે માટે, મુખ્યમંત્રી આ પ્રશ્ને પહેલવૃત્તિથી વિના વિલંબ કાનૂની જોગવાઈઓ જાહેર કરે તે સંબંધમાં મુખ્યમંત્રીને પરિષદના પ્રમુખ દ્વારા યોગ્ય સબળ રજૂઆત કરવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

પાટનગરમાં પાણીના પ્રશ્ને રજુઆતો કર્યા પછી પણ સ્થાનિક સત્તાવાળાઓના પેટનું પાણી હાલતું નથી અને પ્રજાજનોની અકળામણ વધતી રહી છે. તેમાં સમાધાન માટે પરિષદના પદાધિકારીઓનું એક ડેપ્યુટેશન આજે તા. ૧૦-મે-૧૨ના રોજ સક્ષમ સત્તાવાળાને મળીને રૂબરૂમાં રજુઆતો કરશે, તેવું ઠરાવવામાં આવ્યું હતું. સભામાં ચર્ચા-વિચારણા અને પરામર્શમાં સક્રિય યોગદાન આપનારાઓમાં સર્વશ્રી લવજીભાઈ વાડીઆ, પ્રો. રવિન્દ્ર દવે, જે.જી. ભટ્ટ, મૂળજીભાઈ પરમાર 'દધિ', સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, રાજેન્દ્ર પારેખ, અંબાલાલ રાવલ, જે.સી. પરમાર, નિરંજન ઓઝા વગેરેનો સમાવેશ થયો છે.

## તળાવમાં કમળ લેવા કૂદેલા મોટી આદરજનો યુવાન ડૂબ્યો

મોટી આદરજમાં તળાવમાં કમળ લેવા કુદેલા યુવાનનું ડુબી જવાથી મોત નિપજ્યું હતું. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના મોટીઆદરજ ગામમાં રહેતો ૨૧ વર્ષીય રસિકજી નાગજી ઠાકોર આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં ગામમાં સ્થિત તળાવમાં કમળ લેવા માટે કુદ્યો હતો. આ દરમિયાન યુવાન તળાવમાં ડૂબી જતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા સ્થળ પર સ્થાનિક ગ્રામજનો ટોળે વળી ગયા હતા. જ્યારે આ મામલે પેથાપુર પોલીસને જાણ કરી હતી. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ટ્રેન નીચે કચડાતા વૃદ્ધનુ મોત

વાવોલ નજીક રેલવે ટ્રેક પર આજે સવારે એક વૃદ્ધ ટ્રેન નીચે કચડાતા તેનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૧૩ના છાપરામાં રહેતા ૬૫ વર્ષીય ચંદુભાઈ ગનાભાઈ વણઝારા આજે સવારે વાવોલ નજીક રેલવે ટ્રેક ઓળંગી રહ્યા હતા તે દરમિયાન ટ્રેક પર પુરપાટ આવતી હરિદ્વાર મેલ નીચે કચડાતા તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે રેલવે પોલીસના જમાદાર ગનાભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૪૭૨૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | ૭ | | |
| ૮ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | | ■ |
| ■ | | ■ | ૧૨ | ૧૩ | | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ |
| ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | |
| | ■ | ૨૩ | | ૨૪ | | | ■ |
| ૨૫ | | | ■ | | ■ | ૨૬ | |

**આડી ચાવી**

૧. શસ્ત્ર સરંજામ, સૈન્ય (૫)
૪. જીહવા, લલના (૨)
૬. દરિયામાં ડૂબકી મારી વસ્તુ કાઢનાર (૪)
૮. ગુજરાતનો એક પ્રદેશ (૪)
૧૧. લોઢી, તાવડી (૨)
૧૨. વિચાર કરતી ઈન્દ્રિય (૨)
૧૪. ધનવાન (૩)
૧૬. ઉપયોગ (૨)
૧૯. હતપ્રભ, ગભરાટ (૪)
૨૧. સમય, વેળા (૩)
૨૩. સુંદર દશ્યો વગેરે (૫)
૨૫. છત ઢાંકવા પતરા અને.... નખાય (૩)
૨૬. ફૂટ (૨)

**ઊભી ચાવી**

૧. લાલસા (૩)
૨. 'તલબ' શબ્દ આડોઅવળો (૩)
૩. દારૂની એક જાત (૨)
૪. જીવવાની તીવ્ર ઈચ્છા (૪)
૭. તલ્લીન (૨)
૯. રોજની દિનચર્યાની નોંધ (૪)
૧૦. જા રમત.... (રમવા જા) (૨)
૧૪. તીવ્ર વેગથી, ખુબ ઝડપથી (૪)
૧૫. જેમાંથી રૂ નીકળે તે, કાલા (૪)
૧૭. વાયરો, હવા (૩)
૧૮. જાતિ (૨)
૨૦. સૂર્ય અને પુત્ર બન્નેનું અંગ્રેજી .... થાય (૨)
૨૨. ચોમાસું પાક (૩)
૨૪. શ્રીરામની પત્ની (૨)

**શબ્દાવલી ૪૭૨૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) બારદાન (૪) મજાક (૭) દાળીયા (૯) ખમ (૧૦) ખમ (૧૧) મીત (૧૩) નીલગાય (૧૭) બગ (૧૮) આંકડીયુ (૧૯) ગાર (૨૦) કળી (૨૧) નીકર (૨૪) ડોયો (૨૫) સીડી

**ઊભી ચાવી :-** (૧) બારસાખ (૨) દાદાગીરી (૩) નળી (૫) જાખ (૬) કમનીય (૮) યામીની (૧૨) તલબગાર (૧૪) ગાગર (૧૫) આગળીયો (૧૬) કયુની (૧૮) આંકડો (૨૨) કર્જ (૨૩) બીડી

## શિવરામભાઈના.....

સાતમા પાનાનું અનુ.

ડાયરાના ખ્યાતનામ કલાકારો જેવા કે પ્રફુલ્લ દવે, લાખાભાઈ ગઢવી, હેમંત ચૌહાણ, દમયંતિ બરડાઈ, ભીખુદાન ગઢવી, અભેસિંહ રાઠોડ વિ.ની સાથે શિવરામભાઈએ પણ પોતાના ગરવા કંઠથી ઉપસ્થિત જનમેદનીને ડોલાવી છે. છેલ્લાં પચાસ વર્ષથી લોક સંગીત અને ભજન ક્ષેત્રે પ્રવૃત્ત શિવરામભાઈએ યુવા કલાકારોને પણ તૈયાર કરેલ છે. જેમાં તુષાર પંડ્યા, સંગીતા શ્રીમાળી, ગીતા દરજી, કેશુભાઈ તબલચી, દુર્ગેશ તપોધન વિ. મુખ્ય છે. પિતાનો વારસો સાચવતી પુત્રી નિમિષા શ્રીમાળી પણ ડાયરા અને અન્ય કાર્યક્રમોમાં પોતાનો કંઠ આપે છે.

શિવરામભાઈ છેલ્લા ૨૦ વર્ષથી રાજ્ય કક્ષાએ યોજાતી સંગીત સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે. સંગીત ઉપરાંત પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીના જાણીતા નાટક 'અભિનય સમ્રાટ'માં શિવરામ-ભાઈએ અભિનય આપેલ છે જેને તેઓ જીવનની ધન્ય ઘટના ગણાવે છે.

'આત્માને ઓળખ્યા વિના રે, લખ ચોરાસી ફેરા નહીં ટળે હો જી.' આ પ્રખ્યાત ભજન જ જેઓની ઓળખાણ છે એવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત અને ગાંધીનગરના સંસ્કાર વારસાને સમૃધ્ધ કરનાર શિવરામભાઈને રામ રામ અને વંદન.



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે લખનૌના શ્રી ધિરેન્દ્ર શર્મા લિખિત હિન્દી આધ્યાત્મિક ઉપન્યાસ સ્મૃતિ પથ પુસ્તકનું વિમોચન કર્યું હતું. ભારતીય આધ્યાત્મિકતાના સનાતન સત્વ આધારિત આ પુસ્તકના આલેખનને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યું હતું. આ પ્રસંગે શ્રી ધિરેન્દ્ર વર્માના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કંપની સમાચાર

### પ્લાસ્ટીન ઈન્ડિયાનો આઈપીઓ ૯ મે બુધવારે ખુલશે

ગુજરાતના અમદાવાદ અને ગાંધીધામ સ્થિત પ્લાસ્ટીન ઈન્ડિયા લિમિટેડ રૂ. ૫૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. કંપની ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ મારફતે શેર દીઠ રૂ. ૧૦ની મૂળ કિંમતના ૯૨,૫૫,૨૯૦ ઈક્વિટી શેર સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે. આ માટે ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૧ થી ૮૪ની પ્રાઈસ બેન્ડ રખાઈ છે. પબ્લિક ઈસ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કર્મચારીઓ માટે અનામત રખાયેલા ૫૫,૨૯૦ અને જાહેર જનતા માટેના ૯૨,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે, જે પબ્લિક ઈસ્યૂ પછી ઘટાડા બાદની સંપૂર્ણ ભરપાઈ થયેલી મૂડીનો ૨૫.૭૪ ટકા હિસ્સો છે. સૂચિત ઈસ્યૂ ૯ મે ૨૦૧૨ના દિવસે ખૂલશે અને ૧૫ મે ૨૦૧૨ એ બંધ થશે.

શ્રી પંચાલાલ જી. પારેખ, શ્રી પ્રકાશ પારેખ અને શ્રીમતી મધુ પી. પારેખે પ્રમોટ કરેલી પ્લાસ્ટીન ઈન્ડિયા લિમિટેડ ફલેકસિબલ ઈન્ટરમિડિયેટ બલ્ક કન્ટેનર્સ (જમ્બો બેગ, ફલેકસિબલ પેકેજિંગ, બીઓપીપી લેમિનેટેડ વોવન સેક (વણેલા બાદરાન), માસ્ટરબેચીસ અને મલ્ટિફિનામેન્ટ યાર્ન વગેરેનું ઉત્પાદન કરે છે. ગુજરાત રાજ્યના કચ્છ અને મહેસાણામાં કંપનીની ઉત્પાદન સુવિધા આવેલી છે, જેની કુલ સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૩૧ માર્ચ ૨૦૧૨ પ્રમાણે ૫૬,૨૦૦ મેટ્રીક ટન છે.

પ્લાસ્ટીન ઈન્ડિયાએ નિરંતર વૃદ્ધિ નોંધાવી છે અને નાણાકીય વર્ષ ૨૦૦૬ના રૂ. ૭૫ કરોડથી નાણાંકીય વર્ષ ૨૦૧૧માં રૂ. ૪૮૪ કરોડના ચોખ્ખા વેચાણ સાથે સંયુક્ત (કોન્સોલિટેડેડ) ધોરણે ૪૫ ટકા કરતા વધુ સીએનજીઆર પ્રાપ્ત કરી છે. કંપની ૩૦ કરતાં વધુ દેશોમાં નિકાસ કરી અંદાજે ૪૯ ટકા જેટલી આવક મેળવે છે.